## ખેડૂતોના પાકના ધોવાણના સર્વેમાં ગેરરીતીનો આક્ષેપ

ગુજરાત સરકારે તાજેતરમાં ચોમાસામાંઅતિ ભારે વરસાદના કારણે ખેડૂતોના ખેતરમાં થયેલ પાકના ધોવાણના વળતર માટે સરકારે સર્વે કરવાની જવાબદારી ગ્રામસેવકોને આપેલી સર્વે કામગીરીમાં ભયંકર ગેરીરિતી થયેલ હોવાની ચર્ચાઓ ખેડૂતઆલમમાં થઈ રહી છે. ખરેખર જે ખેડૂતોના ખેતરમાં નુકશાન થયુ છે તેવા કેટલાક ખેડૂતોનું કહેવું છે કે સર્વે કરવામાં ભેદભાવ રખાતો હોવાની શંકા જાય છે. સર્વે કરવામાં ભ્રષ્ટાચાર થયો હોવાનુ ખેડૂતોનું માનવું છે. ખેતી નુકશાનમાં ખરેખર જેનુ નુકશાન થયુ છે તેવા ખેડૂતોના સર્વેમાંથી બાકાત રખાતા હોવાની ચર્ચાઓ થઈ રહી છે. ધનસુરા તાલુકામાં થયેલ સર્વે કામગીરીની તટસ્થ તપાસ થાય તો સત્ય હકિકત બહાર આવવાની વકી છે.

## ભિલોડા તાલુકાના ભાણમેર ગામમાં સામાન્ય બાબતે મારા-મારી

ભિલોડા તાલુકાના ભાણમેર ગામમાં સામાન્ય બાબતમાં ઝગડા દરમ્યાન મારા-મારી થતાં મામલો ગરમાયો હતો.ભાણમેર ગામમાં એક મહિલાના ઘર આગળ ભાણમેર ગામનો જ એક ઈસમ મન ફાવે તેમ અપશબ્દો બોલતો હતો. મહિલાએ અપશબ્દો બોલવાની ના પાડતાં ઈસમ એકા-એક ઉગ્ર આવેશમાં આવી જતાં ઝગડો થયો હતો ત્યારે મારા-મારી દરમ્યાન મહિલાના શરીર ઉપર ઈજાઓ થઈ હતી. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. ઈન્દુબેન ગામેતીના જણાવ્યા મુજબ ભાણમેર ગામના લલીતાબેન બોદરના ઘર આગળ આવી રાકેશકુમાર બોદરએ અપશબ્દો બોલતો હોવાથી મહિલાએ અપશબ્દો બોલવાની ના પાડતાં મામલો ગરમાયો હતો. રાકેશભાઈએ લાકડી લઈ લલીતબેનના ગળાના ભાગે મારી ગળદાપાટુનો માર મારતાં મહિલાના શરીર ઉપર ઈજાઓ થઈ હતી.

# બાયડના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા ભાજપમાં કે જન વિકલ્પ પાર્ટીમાં

## બાયડ માલપુર વિધાનસભાના મતદારો મૂંઝવણમાં

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ તમામ રાજકીય પક્ષો દ્વારા જોરશોરથી શરૂ કરી દેવામાં આવી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી નવેમ્બર મહિનામાં યોજાય તેવા સંકેતો નજરે પડે છે. ત્યારે શંકરસિંહ વાઘેલા દ્વારા તેમના જન્મ દિવસ ૨૧ જુલાઈ ૨૦૧૭ના રોજ કોંગ્રેસને બાય બાય કહી દિધુ હતુ. ત્યારબાદ ગુજરાત રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસને મત ન આપી ગુજરાતના રાજકારણમાં મોટો ધડાકો કર્યો હતો. શંકરસિંહ વાઘેલાની સાથે અન્ય ધારાસભ્યોએ પણ રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસને મત ન આપી તેવોએ બાપુને સમર્થન આપ્યુ હતુ તે પછી મહેન્દ્રસિંહ વાઘેલાએ કહ્યું હતું કે થોડા સમયમાં હું ભાજપમાં જોડાવાનો છુ તે પછી ૨૧ ઓગષ્ટ ૨૦૧૭ના રોજ અરવલ્લી જિલ્લા ભાજપ કાર્યાલયની મુલાકાત લેતા ભાજપના કાર્યકરો દ્વારા મહેન્દ્રસિંહ વાઘેલાને ઉત્સાહભેર વધાવી લીધા હતા. ત્યારે તેઓ ભાજપમાં આવે છે તેવા સંકેત કરી દીધા હતા. ત્યાર બાદ આજે ગુજરાતના પૂર્વ વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા દ્વારા આજે ગાંધીનગર ખાતે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે હું ગુજરાતમાં ત્રીજો મોરચો તરીકે જનવિકલ્પ પાર્ટી લઈને આવુ છું. ત્યારે તેની હાઈકમાન્ડ ગુજરાતની જનતા રહેશે. ત્યારે બાયડ વિધાનસભાના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા ભાજપમાં આવશે કે તેમના પિતાની જન વિકલ્પ પાર્ટીમાં જોડાશે તેને લઈ બાયડ માલપુર વિધાનસભાના મતદારો ભારે મુંજવણમાં અને આગામી વિધાનસભાની ચૂંટણીમાં બાયડ માલપુર વિધાનસભામાં ભાજપ કોંગ્રેસ અને જનવિકલ્પ પાર્ટી એમ ત્રિપાંખીયો ચૂંટણી યોજાય તેવા ભણકારા દેખાઈ રહ્યા છે. બાયડમાં દસ એક દિવસ પહેલા ચોઈલા રોડ ઉપર જનવિકલ્પ પાર્ટીનું મોટુ બેનર લાગતા બાયડ માલપુર વિધાનસભા વિસ્તારમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. જો મહેન્દ્રસિંહ વાઘેલા જનવિકલ્પ પાર્ટીમાંથી બાયડ માલપુર વિધાનસભાની ચૂંટણી ઉમેદવારી કરે તો ભાજપ તથા કોંગ્રેસને મહેન્દ્રસિંહ વાઘેલા સામે એક સક્ષમ મુરતિયો શોધવો કઠીન પડે તેમ છે. બાયડ માલપુર વિધાનસભાના મતદારો આગામી સમયની રાહ જોઈ રહ્યા છે.

## શંકરસિંહ વાઘેલાએ ખેડબ્રહ્મામાં મા અંબાના દર્શન કર્યા

ગુરુવાર સવારે શંકરસિંહ વાઘેલા ૩૦ કાર ના કાફલા સાથે ખેડબ્રહ્મા આવી પહોંચ્યા હતા અંબિકા માતાજી ના દર્શન કરી અંબાજી જવા રવાના થયા હતા. નવરાત્રી ના પહેલા દિવસે ગુરુવારના રોજ ગુજરાતના દિગ્ગજ નેતા શંકરસિંહ વાઘેલા ૩૦ કાર અને સમર્થકો સાથે ખેડબ્રહ્મા અંબિકા માતાજી ના દર્શન કરવા આદૈ પહચયા હતા તેમને મંદિરમાં માં અંબિકાના દર્શન કાર્ય હતા અને ઓફિસમાં બેસી વિઝીટર બુકમાં મંદિર માટે શુભ સંદેશ લખ્યો હતો થોડી ક્ષણો માં તેઓ અંબાજી જવા રવાના થયા હતા.

# પાલનપુરમાં ભંગારીનું અપહરણ કરનાર બે આરોપી ઝડપાયા

પાલનપુરના ભંગારીનું અપહરણ થતા ચકચાર મચી ગઈ હતી. આ ગુનાનો ભેદ ઉકેલતા બનાસકાંઠા પોલીસની અલગ - અલગ સાત ટિમો બનાવી હતી. જેઓએ અપહર્ત ભંગારીને શોધી



અપહર્ત ભંગારીનો કબ્જો મેળવી બનાસકાંઠા પોલીસે ૨ આરોપી ઓને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરના ગઠામણ પાટિયા પાસે ભંગારનો વ્યવસાય કરતા માસૂકભાઈ મહેબુબખાન પઠાણ (ઉ.૪૫)નું રૂ.૧૦ લાખની ખંડણી માટે અજાણ્યા અપરણકારોએ ગત તા.૧૮મી સપ્ટેમ્બરના રોજ અપહરણ કર્યું હતું. જેને ગંભીરતાથી લઈ કાઢવાના ચક્રો ગતિમાન કર્યા હતા. દરમિયાન, પોલીસની ઘોંસ વધતા અપરણકારો અપહર્ત ભંગારીને ખેડા પાસે મૂકી ફરાર થઈ ગયા હતા. જે વેપારીનો બનાસકાંઠા પોલીસે કબ્જો મેળવ્યો હતો.

દરમિયાન, વડોદરાના સયાજીગંજ પોલીસ સ્ટેશનના ગુનામાં આરોપી (૧)નશરતઅલી મહંમદ ઈદ્રિશ અબ્દુલસમદ ખાન ઉ.૪૪ રહે.તિવારીપુર, જીલ્લા- પ્રતાપગઢ (ઉત્તરપ્રદેશ) અને (૨) સમરપાલ લહુરિપાલ સુધઈપાલ ઉ.૨૧ રહે. સાઢ જી. પ્રતાપગઢ (ઉત્તરપ્રદેશ)ને અટક કરી કડક પૂછતાછ હાથ ધરતા તેઓએ પાલનપુરના ભંગારીનું અપહરણ કર્યું હોવાની કબૂલાત કરી હતી. જેને પગલે સમગ્ર ગુનાનો પર્દાફાશ થયો હતો. દરમિયાન, બનાસકાંઠા પોલીસે વડોદરા જઈ આ બંને આરોપીઓનો કબ્જો મેળવી પાલનપુર લાવી ૨૦મી સપ્ટેમ્બર ના રોજ ધરપકડ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હોવાનું એસ.પી. નીરજ બડગુજરે જણાવ્યું હતું.

# પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિની મીટીંગ રામપુરા ખાતે યોજાઈ

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રામપુરા ચોકડી પાસે આવેલ પ્રાંતિજ તથા તાલુકાના કોંગ્રેસ કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા. જેમાં પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના ધારાસભ્ય સંમેલનમાં ભાજપ પ્રભારી પ્રદિપસિંહ વાઘેલા તથા કલ્પિત દવેએ કરેલા આક્ષેપનો મીટીંગમાં જાહેરમાં કોંગ્રેસ





ઉમા વાત્સલ્ય ધામ ખાતે તાલુકા કોંગ્રેસ સમિતિની મીટીંગ યોજાઈ હતી. જેમાં કોંગ્રેસના ધારાસભ્ય ઉપર ભાજપના જિલ્લા પ્રભારીએ કરેલ આક્ષેપોનો ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ વળતો જવાબ આપ્યો હતો.

રામપુરા ચોકડી ઉમા વાત્સલ્ય ધામ ખાતે પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતીની મીટીંગ યોજાઈ હતી. જેમાં મહેન્દ્રસિંહ બારૈયા, જિલ્લા પ્રમુખ મણીભાઈ પટેલ, બીપીનભાઈ પટેલ, તાલુકા સદસ્ય મિલ્કતસિંહ, રામસિંહ, કૌશિકભાઈ પટેલ, કોંગ્રેસ તાલુકા પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ, બેચરસિંહ રાઠોડ, સુરેશભાઈ રાઠોડ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. જયારે એક દિવસ અગાઉ હરસોલ ખાતે યોજાયેલ ભાજપ વિજય ટંકાર યુવા ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ જવાબ આપ્યો હતો અને કહ્યું કે ૧૭ વર્ષથી ભાજપના આ વિસ્તારના ધારાસભ્યો ચુંટાયા હતાં અને તેવોએ વિસ્તારના પ્રશ્નો કેમ હલ ના કર્યા અને મારા સમયે પાંચ વર્ષના સમયગાળામા મે વિધાનસભામાં ૪૫૦થી વધુ પ્રશ્નો ઉઠયા છે. અને પ્રજાલક્ષી કામ કર્યા છે.

## પાલનપુર સિવિલના રસોડાના સેમ્પલ લેવાયા

પાલનપુર સિવિલ હોસ્પિટલમાં કાર્યરત રસોડામાં બનાવતા ભોજનમાં હલકી ગુણવત્તાનું રો મટિરિયલ વાપરવામાં આવતું હોવાની ફરિયાદને પગલે ફૂડ વિભાગે તપાસ હાથ ધરી હતી.

પાલનપુર સિવિલમાં આવેલા રસોડામાં ભોજન માટે વપરાતી સાધન સામગ્રીમાં ક્વોલિટી જળવાતી નથી. અને દર્દીઓને હલકી ગુણવત્તાનું ભોજન પિરસાતું હોવાની ફરિયાદ થઈ હતી. જેને પગલે ફૂડ વિભાગે આજે તપાસ હાથ ધરી હતી. જેમાં ફૂડ વિભાગ દ્વારા અલગ અલગ ૪ સેમ્પલ લઈ તપાસ હાથ ધરાઈ હતી. દર્દીઓના ખોરાકની ચકાસણી સિવિલ સર્જન દ્વારા થતી હોય છે. ત્યારે ફૂડ વિભાગ દ્વારા સિવિલ સર્જનને નોટિસ પણ ફટકારવામાં આવી હોવાના અહેવાલ મળ્યા છે.

## ધનસુરા ગર્લ્સ હાઈસ્કૂલનું ગૌરવ

ધનસુરા, તા. ૨૧

અરવલ્લી જિલ્લાકક્ષાએ યોજાયેલ ખેલ મહાકુંભમાં ધનસુરા ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીની કુ. વંદનાબેન એચ. પરમારે યોગ સ્પર્ધામાં પ્રથમ અને કુ. પ્રિયંકા એસ. ખાંટે ચેસ સ્પર્ધામાં તૃતીય નંબર મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે.

સાથે આ શાળાએ જીસીઈઆરટીના ઉપક્રમે બાયડ નોડલ કક્ષાએ યોજાયેલ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં શાળાના વિજ્ઞાન શિક્ષક એ.એસ. પટેલ અને કુ. ઉર્વશી ડી. વાઘેલાએ ડીઝીટલ અને તકનીકી ઉકેલ વિભાગ-પનું ત્રિકોણમીતીના મોડલમાં પ્રથમ નંબર સાથે બન્ને સ્પર્ધામાં ગૌરવવંતી સિદ્ધિ મેળવવા બદલ કેળવણી મંડળના પ્રમુખ કાન્તિભાઈ પટેલ, હોદ્દેદારો, શાળાના આચાર્યા દક્ષાબેન પટેલ અને શાળા પરિવારે વિજ્ઞાન શિક્ષકો અને વિદ્યાર્થીનીઓને જવલંત સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# નવરાત્રી પર્વમાં વાજિંત્રો અને તબલાના નિર્માણ અને સમારકામ કરતા ડબગર સમાજના અસ્તિત્વનો સવાલ

અરવલ્લી, તા. ૨૧

અરવલ્લી જિલ્લામાં નવરાત્રી પર્વમાં ડી.જે અને આધુનિક વાંજીત્રોના તાલે નવરાત્રી આ કલાકારો આજે ડીજે અને આધુનિક વાજિંત્રોના અવાજમાં તબલાનો અવાજ દબાઈ જતા કારીગરોની હાલત દયનિય બની છે. એક



મહોત્સવના આયોજકો અને ગ્રામ્ય વિસ્તારના યુવક મંડળો દ્વારા નવરાત્રીનું આયોજન થતું હોવાથી અને પરંપરાગત ગરબી લુપ્તપ્રાય અવસ્થામાં હોવાથી નવરાત્રી પર્વે તબલા બનાવી આપવાનું તેમજ રીપેર કરવાનું કામ કરતા અરવલ્લી જિલ્લાના ડબગરોની આજે રોજી છીનવાઈ જતા કારીગરો બેકારીના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે. તદઉપરાંત ડબગર સમાજ દ્વારા વંશ પરંપરાગત ધંધા-રોજગારનો અસ્તિત્વનો સવાલ પેદા થતા અન્ય ધંધા રોજગાર તરફ મીટ માંડી છે.

એક જમાનામાં નવરાત્રીના એક મહિના પહેલાથી તબલા પેટીના સાધનો ખરીદવા ઓર્ડરો નોંધાવવામાં આવતા હતા અને મહિના સુધી રાત-દિવસ તબલા બનાવવામાં કલાકારો અને તેમના પરિવારજનો વ્યસ્ત રહેતા હતા. સમયમાં મોડાસાના ડબગરવાડામાં જિલ્લાના પ્રજાજનો નવરાત્રી સમયે તબલા અને પરંપરાગત વાજિંત્રો ખરીદવા અને સમારકામ કરાવવા કલાકોના કલાકો બેસી રહેવું પડતું હતું અને આખી રાત્રી દરમિયાન દિવાળી જેવો માહોલ પેદા થતો હતો. લોકોની અવરજવર વચ્ચે ડબગરવાડામાં ભારે ભીડ જોવા મળતી હતી. પરંતુ થોડાક વર્ષોથી લોક પરંપરાગત લોક સંગીત અને ભજનોનું સ્થાન ડીજે અને ફિલ્મી ગીતો અને આધુનિક વાજીંત્રોએ લેતા ડબગરવાડામાં વાજિંત્રો નિર્માણ કરવાનો અને સમારકામ કરવાનો વ્યવસાય મૃતપાય હાલતમાં જોવા મળી રહ્યો છે. ધંધામાં અવાક બંધ થતા ડબગર સમાજના યુવાનો અને લોકો પરિવારનું જીવનનિર્વાહ ચલાવવા અન્ય ધંધા રોજગાર તરફ મીટ માંડી છે.

# મોડાસામાં પ્રજાપતિ સમાજ દ્વારા નિર્માણ થતા માટીના કલાત્મક ગરબાનું ધૂમ વેચાણ

મોડાસા, તા. ૨૧

અરવલ્લીમાં નવરાત્રીના તહેવારને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ત્યારે માં શક્તિની આરાધના અને પૂજા-અર્ચના કરવા માટે ગરબાનું અનેરૂ મહત્વ છે. ત્યારે મોડાસામાં ગરબા બનાવવાનું કામ કરતા પ્રજાપતિ પરીવાર વિવિધ કલરોથી ગરબાને રંગ રોગન કરી રંગોળીઓ પુરીને આખરી ઓપ આપવામાં આવી રહ્યા છે.

શક્તિ અને આરાધનાનું પર્વ એટલે નવરાત્રી હિન્દુ આસ્થામા માટીના ગરબાઓનું અનેરૂ મહત્વ હોય છે. પ્રજાપતિ પરિવારો દ્વારા બનાવેલા માટીના ગરબા બજારમાં ૫૦થી લઈને ૧૫૦ સુધીમાં વેચાઈ છે. રોજના ૩૦૦થી વધુ ગરબા શ્રદ્ધાળુઓ ખરીદતા હોવાનો પ્રજાપતિનો દાવો છે.

નવરાત્રીના તહેવારની ભારત વર્ષમાં ઉજવણી થતી હોય



ત્યારે સર્વત્ર અરવલ્લી જિલ્લામાં ધામધુમપૂર્વક ઉજવણી કરવામાં આવે છે. જેમાં પ્રાચીન ગરબીઓનું અનેરૂ મહત્વ છે. આ નવરાત્રિના તહેવારમાં માટીના ગરબાના અનેરૂ મહત્વ હોય છે. ઘરે-ઘરે માટીના ગરબા રાખીને નવ દિવસ સુધી માતાજીની આરાધના, પૂજા-અર્ચના કરવામાં આવે છે. ત્યારે મોડાસા નગરમાં પ્રજાપતિ પરીવારો દ્વારા માટીના ગરબા બનાવવાનું કામ કરે છે. તેઓ ગરબા બનાવીને તેને રંગરોગાન કરીને આખરી ઓપ આપી રહ્યા છે. તો ગરબા બનાવતા પ્રજાપતિ પરીવારો દ્વારા જણાવવામાં આવે છે કે ગરબાઓ બે માસ પહેલા બનાવવાની કામગીરી શરૂ કરી દઈએ છે. આ ગરબાઓનું જથ્થાબંધ વેચાણ કરવામાં આવે છે. નફો ૧૦ થી ૧૨ રૂપિયા કે ૧૫ રૂપિયા મળે છે. જો ડીઝાઈનવાળા હોય તો તેમના વધુ ભાવ મળે છે. પછી બજારમાં વેચતા વેપારીઓ દ્વારા ૩૦ રૂપિયાથી લઈને ૫૦, ૧૦૦ અને ૧૫૦ સુધીના ભાવ લે છે. જેમ ગરબા મોટા હોય અને ડીઝાઈન વાળા હોય તેવા ગરબાનો વધુ ભાવ હોય છે.

હાલ નવરાત્રીના તહેવારને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ત્યારે ગરબાના કારીગરો દ્વારા ગરબાને આખરી ઓપ આપવા પરિવારો મગ્ન જોવા મળી રહ્યા છે.

## પ્રાંતિજના અમીનપુર પાસે કેનાલમાં બાઈક સવાર સ્લિપ ખાઈ જતા ૩૦ વર્ષના યુવાનનુ મોત

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાનાં અમીનપુર પાસે આવેલ નહેરમાં બાઈક સવાર સ્લિપ ખાઈ જતા બાઈક સવાર યુવાનનું પાણીમાં શ્વાસ રૂંધાઈ જતાં યુવાનનું ડુબી જવાથી મોત થયું હતું.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાનાં દહેગામ તાલુકાનાં ઓબ્જીના મુવાડાનો યુવાન પોતાનું બાઈક લઈને રાત્રીનાં સમયે અમીનપુર પાસે આવેલ કેનાલ પાસેથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે બાઈક સ્લિપ ખાઈ જતાં યુવાન પાસે આવેલ કેનાલમાં પડયો હતો. આ અંગેની જાણ પ્રાંતિજ પોલસીને બાલાજી જીવાજી પરમાર રહે. ઉંછા દ્વારા જાણ કરતાં પ્રાંતિજ પોલીસ ઘટના સ્થળે જઈ તપાસ હાથ ધરી હતી. જેમાં બાઈક સવાર કેનાલમાં પડતાં શ્વાસ રૂંધાઈ જતાં યુવાનનું મોત નિપજ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

# અરવલ્લી જિલ્લામાં રાહુલ ગાંધીના રોડ શૉ માટેની તડામાર તૈયારીઓ

રાષ્ટ્રીય કોંગ્રેસ સમિતિના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આગામી ૪ થી ૭ ઓક્ટોમ્બર સુધી ૩ દિવસ ગુજરાત રાજ્યના પ્રવાશે છે. ત્યારે આ દિવસો હોવાથી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના સર્કિટહાઉસમાં પૂર્વ સંસદ જગદીશ ઠાકોર, સાબરકાંઠા લોકસભા બેઠકના પ્રભારી મિહિર શાહ અને જેમાં મોટી સંખ્યામાં કોગ્રેસી આગેવાનોઅને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



દરમિયાન અરવલ્લી જિલ્લામાં પણ આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનેરાખી અરવલ્લી જિલ્લામાં ૧૦૦ કીમી રોડ શૉ અને લોકસંવાદ કરવાના મોડાસાના પ્રભારી કિરીટ પટેલની ઉપસ્થિતિમાં રોડ શૉ ને ભવ્ય બનાવવા અને કાર્યક્રમની તૈયારીઓ માટે બેઠકનું આયોજન કરવામાં આવ્યુંહતું.

મોડાસા સર્કિટહાઉસ ખાતે બુધવારે કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અરવલ્લી જિલ્લામાં રોડ શો દહેગામથી જિલ્લાના તેનપુર ગામમાં પ્રવેશ કરી બાયડ ધનસુરા મોડાસા અને શામળાજી સુધી ૪૦૦ કાર, જીપ અને ૧૦૦૦ બાઈક સાથે ભવ્ય રોડ યોજાશે. તે દરમિયાન રાહુલ ગાંધી જીએસટી મુદ્દે વેપારીઓ બેકારી મુદ્દે યુવાનો અને ખેતીના ભાવ પૂરતા ન મળતા હોવાથી ખેડૂતો અને શિક્ષણના વેપારીકરણ માટે લોકો સાથે લોક સંવાદ કરવાના હોવાથી પૂર્વ સંસદ જગદીશ ઠાકોરની ઉપસ્થિતિમાં અરવલ્લી જિલ્લાના કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકરો સાથે કાર્યક્રમની તૈયારીના ભાગરૂપે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં જિલ્લા પ્રમુખ કમલેન્દ્રસિંહ પુવાર મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, પ્રવીણ ભાઈ પટેલ, રેવાભાઈ ભામભી, મહિલા મોરચાના સુમિત્રાબેન ડામોર, કુંવરબેન પ્રણામી, આનંદ પરમાર, નારાયણ રાઠોડ સહીત મોટી સંખ્યામાં કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



## વેજપુર પ્રાથમિક શાળા નં.૧માં વિદ્યાર્થીઓને તિથી ભોજન અપાયું

ભિલોડા તાલુકાના વેજપુર ગામની વેજપુર પ્રાથમીક શાળા નંબર.૧ માં વિદ્યાર્થીઓને તિથી ભોજન અપાયું હતું.વેજપુર પ્રાથમીક શાળા નંબર.૧ માં વીરચંદભાઈ કમજીભાઈ પાંડોર તરફથી વિદ્યાર્થીઓને તિથી ભોજન આપવામાં આવતાં વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.વેજપુર ગ્રામ પંચાયત સરપંચ જશુભાઈ અસારી,એસ.એમ.સી. સભ્યો,ખીમજીભાઈ સડાત,રામજીભાઈ સડાત,નારણભાઈ બરંડા સહિત વેજપુર પ્રાથમીક શાળા નંબર.૧ સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો.